RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 289* Date: 15.08.2022, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે સ્વતંત્રતા સેનાનીઓની સ્મૃતિને અમર બનાવવાનો પ્રયાસ

નવી દિલ્હી,

અંગ્રેજો સાથે લડીને ભારતને આઝાદી અપનાવનારા સ્વતંત્રતતા સેનાઓની સ્મૃતિને અમર બનાવવા માટે દેશભરમાં ફ્રીડમ વૉલ બનાવાશે. આઝાદીના ૭૫ વર્ષ પૂરાં થવાના ઉપલક્ષ્યમાં દેશના ૭૫ શહેરોમાં બનાવવામાં આવનારી આ ફ્રીડમ વૉલ પર સ્વતંત્રતા સેનાનીઓના નામ કોતરાશે જેથી દેશવાસી એમને નમન કરી શકશે જેમણે અંગ્રેજોને ભારતમાંથી તગેડી મૂકવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી અને અનેકે તેમના પ્રાણોની આહુતિ આપી. આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ હેઠળ ફ્રીડમ વૉલ બનાવવાની શરૂઆત શ્રીનગરના લાલચોકથી થશે.

તેના પછી જમ્મુ-કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને ગુજરાતથી અરુણાચલ સુધી આ શ્રદ્ધાંજલિ વૉલ બનાવાશે.



આ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા નજીકના સૂત્રોએ જણાવ્યું કે શ્રીનગરમાં લાલચોક ઉપરાંત જમ્મુમાં મહારાજા હરિ સિંહ પાર્કમાં વૉલ નિર્માણ માટે પ્રાથમિક સરવે કરી લેવાયો છે. ફ્રીડમ વૉલ પર આશરે ૧૦૦૦ સ્વતંત્રતા સેનાનીઓના નામ લખાશે. વૉલ સમક્ષ ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો ધ્વજ પણ હશે. વર્ષ દરમિયાન મોટા રાષ્ટ્રીય પર્વ અને સ્વતંત્રતા સેનાઓની જયંતી પર આ સ્મારકો પર ધ્વજારોહણ કરાશે. ફ્રીડમ વૉલને જીવંત બનાવવા માટે આઝાદીના પ્રેમીઓની કહાણીઓને ઓડિયો, વીડિયો અને આલેખોના માધ્યમથી આગંતુકો સુધી પહોંચાડાશે.

દીવાલ પર એક ક્યૂઆર કોડ પણ હશે જેને સ્કેન કરીને એમપી-૩ ઓડિયો અને એમપી-૪ વીડિયોથી સ્વતંત્રતા સંગ્રામની કહાણીઓ સાંભળી શકાશે.

સૂત્રો મુજબ આ મહાન યજ્ઞમાં આહુતિ આપવા માટે દેશભરની અનેક શૈક્ષણિક સંસ્થાનો અને ઉપક્રમોએ તેમની જગ્યા ફ્રીડમ વૉલ બનાવવા માટે આપવાની ઓફર કરી હતી.

ચક્ર ફાઉન્ડેશન અને રોટરી ઈન્ડિયાને સક્રિય રીતે સામેલ કરવાનો પ્રસ્તાવ છે.

દેશભરમાં તૈયાર થનાર ફ્રીડમ વૉલ માટે સ્વતંત્રતા સેનાનીઓના નામ દેશના ખૂણે-ખૂણાથી પસંદ કરાયા છે. તેમાં મહાત્મા ગાંધી, સુભાષચંદ્ર બોઝ ઉપરાંત મંગલ પાંડે, વી.ઓ.ચિદમ્બરમ, ભગત સિંહ, સરદાર વલ્લભભાઈ પટેલ, પી.રાજા, રાણી લક્ષ્મીબાઈ, બાલ ગંગાધર તિળક, ક્રાંતિવીર સંગોલી રાયણ્ણા, વેલૂ નચિયાર અને પુલી થેવર જેવા અમર સેનાનીઓના નામ મુખ્ય છે.

## દિલ્હીમાં ૨ બાંગ્લાદેશીની ધરપકડ

### એક ડઝન પાસપોર્ટ અને ૧૦ મંત્રાલયોના સ્ટેમ્પ મળ્યા; પંજાબમાં ISIનાં ૪ અને UPમાં જૈશના આતંકીની ધરપકડ

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે રવિવારે બે બાંગ્લાદેશીઓની ધરપકડ કરી હતી. પોલીસે તેમની પાસેથી પાસપોર્ટ અને બાંગ્લાદેશના મંત્રાલયોના ૧૦ નકલી સ્ટેમ્પ ઝડપી પાડ્યા હતા. DCP દ્વારકા એમ. હર્ષવર્ધને જણાવ્યુ હતુ કે પાલમ એરિયામાંથી રવિવારે મોહમ્મદ મુસ્તફા અને મોહમ્મદ હુસૈન નામના બે લોકોને પકડીને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

સ્વતંત્રતા દિવસ પહેલા રાજધાનીમાં વિશેષ ચેકિંગ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ. જેમાં સૂચના મળવાથી પોલીસ તે બાંગ્લાદેશીઓના ઘર પર પહોંચી હતી. પોલીસને તપાસ દરમિયાન એક ડઝનથી વધુ પાસપોર્ટ અને બાંગ્લાદેશના મંત્રાલયોના ૧૦ નકલી સ્ટેમ્પ મળ્યા હતા. પોલીસને તેમની પૂછપરછ દરમિયાન કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી. જોકે હાલ પોલીસે બન્નેની સામે FIR દાખલ કરી છે.

શનિવારે રાત્રે એક વધુ આતંકીની ધરપકડ કરી છે. ફતેહપુરથી પકડાયેલા એ આતંકીનું નામ હબીબુલ (૧૯) છે. તે સહરાનપુરથી પકડાયેલા આતંકી નદીમનો સાથી છે. ૧૯ વર્ષના હબીબુલ જૈશ-એ-મોહમ્મદ અને અન્ય આતંકવાદી સંગઠન સાથે જોડાયેલો છે. હબીબુલ વર્ચ્યુઅલ ID બનાવવામાં એક્સપર્ટ હતો.

પંજાબ પોલીસે દિલ્હી પોલીસની મદદથી રવિવારે પાક-ISI સમર્થિત આતંકી મોડ્યૂલનો ભાંડાફોડ કર્યો હતો. કેનેડા સ્થિત અર્શ ડલ્લા અને ઓસ્ટ્રેલિયા સ્થિત ગુરજંત સિંહથી જોડાયેલા ૪ મોડ્યૂલ સદસ્યની ધરપકડ કરવામાં આવી હતી. પંજાબના DGPના જણાવ્યા પ્રમાણે તેમની પાસેથી ત્રણ ગ્રેનેડ, એક IED, બે ૯સ્સ તમંચો અને ૪૦ જીવતા કારતૂસ મળી આવ્યા હતા.

આસામના ચરાઈદેવ જીલ્લાના સોનારી ગામમાંથી એક ULFA(I)ના કૈડરને પકડી પાડવામાં આવ્યો હતો. તેની પાસેથી એક બંદૂક અને અન્ય હથિયારો મળી આવ્યા હતા. પોલીસે તેની જોડે પૂછપરછ કરીને એ તપાસ કરી રહી છે કે તેઓ ૧૫ ઑગસ્ટે કોઈ કામને અંજામ આપવાના છે કે નહિ.

દિલ્હી પોલીસે શુક્રવારે આનંદ વિહારમાંથી હથિયારોની ચોરી કરતી ટોળકીને પકડી પાડી હતી. તેમની પાસેથી લગભગ ૨૦૦૦ જેટલા જીવતા કારતૂસ સાથે ભારે માત્રામાં દારૂગોળો મળ્યો હતો. છજીઁ વિક્રમજીત સિંહે જણાવ્યુ હતુ કે આ ખેપ લખનઉ માટે લઈ જવાની હતી. તપાસમાં જાણવા મળ્યુ હતુ કે આ અપરાધિક નેટવર્કનો ભાગ છે.

૧૫ ઑગસ્ટને ધ્યાનમાં રાખીને દિલ્હી એલર્ટ પર ૈંમ્એ ૧૫ ઑગસ્ટને ધ્યાનમાં રાખીને દિલ્હીને એલર્ટ પર રાખ્યુ છે. IBએ દિલ્હી પોલીસને ૧૦ પાનાનો રિપોર્ટ સોંપ્યો છે. જેમાં સ્વતંત્રતાના દિવસે દિલ્હીમાં આતંકી હુમલો થવાની આશંકા કરી છે. IBએ પોતાની રિપોર્ટમાં જણાવ્યુ છે કે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકી સંગઠનો કોઈપણ હુમલાને અંજામ આપી શકે છે.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીના મતદાનમાં બબાલ, ધારુકાવાલા કોલેજમાં છુટ્ટાહાથની મારામારી થઈ

સુરત

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ચૂંટણીમાં આજે તમામ રાજકીય પક્ષોએ ખૂબ જ સક્રિય રીતે ભાગ લીધો હતો. ભાજપની વિદ્યાર્થી પાંખ છમ્ફ઼ (અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ) અને આપની વિદ્યાર્થી પાંખ CYSS(છાત્ર યુવા સંઘર્ષ સમિતિ) વચ્ચે છુટ્ટાહાથની મારામારી થઈ હતી.

યુનિવર્સિટીની સેનેટની ચૂંટણીમાં ધારૂકાવાળા કોલેજ ખાતે બોગસ મતદાન થયું હોવાની શંકા જતા આમ આદમી પાર્ટીના સમર્થક મતદારો ત્યાં પહોંચી ગયા હતા. તેમજ અન્ય સમર્થક પણ તાલુકા કોલેજમાં જતા મારામારી થઈ હતી.

ધારુકા કોલેજમાં વોટિંગ પ્રક્રિયા દરમિયાન એબીવીપીના ઉમેદવાર વોટીંગ બુથમાં હોવાની ફરિયાદ ઉઠી હતી.



જેને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટીના સમર્થક ઉમેદવારની ટીમ ધારૂકારાવાલા કોલેજમાં પ્રવેશી હતી.

કેમ્પસમાં જ છુટ્ટાહાથની મારામારી શરૂ થતા પોલીસે દોડી આવી મામલે થાળો પાડ્યો હતો.

પાટીદાર ગઢ ધારૂકાવાલા કોલેજની અંદર કેમ્પસમાં જ મારામારી થઈ જતા થોડા ક્ષણો માટે વાતાવરણ ખૂબ જ ઉગ્ર થઈ ગયું હતું. વિશાલ વસોયાના સમર્થનમાં સિવાયએસએસના સમર્થકો કેમ્પસમાં ધસી જતા મામલો બિચકી ગયો હતો.

પાસની ટીમ પણ સક્રિય રીતે કેમ્પસમાં દેખાઈ હતી. વિશાલ વસોયા પાટીદાર અનામત આંદોલન સમિતિના સક્રિય હતો. જેના કારણે પાસની ટીમ પણ તેના સમર્થનમાં દેખાઈ હતી.

## કેમિકલ ભરી અમદાવાદ આવી રહેલું કન્ટેનર ભડકે બળ્યું, પાણી નાખતા વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે આગ, ૩૦૦ બેરલ બ્લાસ્ટ થશે

હિંમતનગર,

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ગાંભોઇ રોડ પર ૨૪ કલાક પહેલા કેમિકલના ડબ્બા ભરેલા કન્ટેનરમાં આગ લાગતાં હિંમતનગર ફાયર વિભાગે ઘટના સ્થળે પહોંચી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. પરંતુ પાણી મારતા કેમિકલ સળગતું હોવાની ઘટનાને લઈને ગાંભોઇ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને એક તરફનો નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગે પણ આગ બુઝાવવા માટેની કામગીરી કરી હતી પરંતુ આગ કાબૂમાં આવી નથી રહી અને કેમિકલના



કારણે ધુમાડો ચાલુ જ રહે છે અને જેનાથી નાક અને ગળામાં બળતરા થાય છે.

સ્થળ પર ફાયર દ્વારા ઈન્ચાર્જ ફાયર ઓફિસરને જાણ કરાઈ છે, જે અંગે ડિઝાસ્ટરમાં જાણ કરાઈ છે અને કેમિકલની આગને કેવી રીતે કાબૂમાં લેવાય તેનું માર્ગદર્શન લેવાઈ રહ્યું હોવાનું ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર રાજેન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યું હતું તો ફાયરની કામગીરી યથાવત છે. શુક્રવારે કરણપુર પાસે આ કન્ટેનરમાં આગ લાગી હતી, જે આગ પર ફાયર દ્વારા કાબૂ મેળવી લેવાયો હતો. પરંતુ રવિવારે ફરી આગ લાગી છે. રાજસ્થાનથી અમદાવાદ સોડિયમ હાઈડ્રો સલ્ફાઈટના ૫૦ કિલોનો એક એવા ૩૦૦ ડબ્બા કેમિકલ ભરીને કન્ટેનર નીકળ્યું હતું. જેમાં શુક્રવારે રાત્રે આગ લાગી હતી. જેમાં હિંમતનગર ફાયર વિભાગે ત્રણ ટેક્રર પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. ત્યારબાદ શનિવારે હિંમતનગર ગાંભોઇ પોલીસ સ્ટેશનમાં આ અંગે ટ્રકના ચાલકની ફરિયાદ આધારે જાણવાજોગ નોંધવામાં આવી હતી.

બે દિવસમાં બે વાર કેમિકલ ભરેલા કન્ટેનરમાં આગ લાગતાં તેને બુઝાવવામાં તંત્ર લાચાર બન્યું છે. તો એક તરફનો રોડ પણ બંધ કરવામાં આવ્યો છે. પોલીસ અને ફાયર વિભાગ ઘટના સ્થળે ઉભુ છે.

જો કે પાંચ કલાકે પણ આગ યથાવત રહેવા પામી છે અને કેમિકલના ટીનમાં બ્લાસ્ટ થતાં અવાજ આવી રહ્યા છે.

## પોલીસ વિભાગ માટે ૫૫૦ કરોડના ભંડોળને ગુજરાત સરકારની મંજૂરી, સુરતમાં ગૃહ રાજયમંત્રીની હાજરીમાં ઉજવણી

સુરત

ગુજરાતમાં હાલ સૌથી વધુ પોલીસ વિભાગમાં ગ્રેડ-પેનો મુદ્દો ચર્ચામાં છે. છેલ્લા ઘણા સમયથી ગ્રેડ-પેને લઈને માગણીઓ પણ કરવામાં આવી રહી છે. પરંતુ તેને પૂર્ણ કરવામાં આવી નથી. પરંતુ હવે આ મુદ્દો પોલીસ વિભાગ પૂરતો સિમિત ન રહેતા રાજકીય પણ થઈ ગયો છે. તેના કારણે હવે ગ્રેડ-પેની જાહેરાત ઝડપથી કરવામાં આવશે કે કેમ તેને લઈને પણ અનેક તર્ક થઈ રહ્યા હતા. દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા પોલીસ વિભાગ માટે ૫૫૦ કરોડના ભંડોળને મંજૂરી આપી હોવાની જાહેરાત કરવામાં આવી છે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સુરતની મુલાકાતે છે ત્યારે પોલીસ કમિશનર કચેરી ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા છે અને પોલીસ અને તેમના પરિવાર સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

ગુજરાત સરકારના પોલીસ વિભાગના પગારમાં વધારાની સરકારની જાહેરાત બાદ આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓના પગાર બાબતે સરકાર દ્વારા જે જાહેરાત કરવામાં આવી છે. જે બદલ તમામ પોલીસ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું અને અરવિંદ કેજરીવાલનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું કે તેમના એક જ નિવેદન બાદ ગુજરાત સરકાર સફાળી જાગી જાહેરાત કરી છે.

### કેદીઓને લાગ્યો દેશભક્તિનો રંગઃરાજકોટ સેન્ટ્રલ જેલને શણગારી કેદીઓએ યોજી તિરંગા યાત્રા, ઢોલ-નગારાના તાલે ગરબા અને ડાન્સ કર્યો

રાજકોટ

આઝાદી કા અમૃત મહોત્સવનો રંગે આખો દેશ રંગાયો છે. આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાને આડે માત્ર ગણતરીની કલાકો જ બાકી રહી છે. ત્યારે રાજકોટની સેન્ટ્રલ જેલમાં કેદીઓને પણ દેશભક્તિનો રંગ લાગ્યો હોય તેવા દશ્યો જોવા મળ્યા હતા. કેદીઓએ જેલને તિરંગી ફૂલોથી શણગારી દીધી છે. તેમજ મા ભારતીનો ફોટો પણ જેલની દીવાલ પર લગાવ્યો છે.

કેદીઓએ તિરંગા યાત્રા યોજી હતી. બાદમાં ઢોલ-નગારાના તાલે ગરબા અને ડાન્સ કર્યો હતો.જેલ દેશભક્તિના વાતાવરણમાં પરિવર્તિત થઈ રાજકોટની સેન્ટ્રલ જેલમાં હાલ ૧૦૦ જેટલા કેદીઓ અલગ અલગ ગુના હેઠળ સજા કાપી રહ્યા છે. પરંતુ સ્વાતંત્ર્ય પર્વ આવતુ હોય ત્યારે કેદીઓ પણ દેશભક્તિમાં લીન થયા છે. કેદીઓએ દેશભક્તિની ભાવના સાથે પોતાની રીતે જ જેલને શણગારી છે. બાદમાં પોલીસ જવાનો સાથે કેદીઓએ તિરંગા યાત્રા યોજી હતી. જેમાં 'ભારત માતા કી જય', 'વંદે માતરમ', 'ઈક્લાબ જિંદાબાદ'ના નારા લગાવ્યા હતા.

આથી જેલ દેશભક્તિના વાતાવરણમાં પરિવર્તિત થઈ હતી.રાજકોટ સેન્ટ્રલ જેલમાં દરેક કેદીઓએ પોતાના હાથમાં તિરંગો રાખી તિરંગાયાત્રા યોજી હતી. તિરંગા યાત્રામાં કેદીઓમાં અલગ પ્રકારનો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## પોરબંદરમાં રેલી પુર્ણ કર્યા બાદ મુખ્યમંત્રીના કાફલામાં આખલાની એન્ટ્રીથી દોડધામ મચી, કડીમાં ગાયે નિતિન પટેલને અડફેટે લીધા હતા

પોરબંદર

પોરબંદરસ સહિત રાજ્યભરમા રસ્તા પર રખડતા ગાય-આખલાઓને કારણે અવાર-નવાર અકસ્માત સર્જાતા હોય છે. ત્યારે કડીમાં આયોજીત તિરંગા યાત્રામા ઉપસ્થિત પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલને રખડતા ઢોરે હડફેટે લેતા તેઓએ હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડી હતી. ત્યારે ગઈકાલે શનિવારે પોરબંદરમાં પણ હર ઘર તિરંગા યાત્રા અંતર્ગત શહેરમાં પહોંચેલા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કોન્વે અને રેલી દરમિયાન વચ્ચે બે આખલાઓ ઘુસી ગયા હતા. જો કે પોલીસે સમયસૂચકતા દાખવતાં



કોઈ અકસ્માત નહોતો સર્જાયો.

જો કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના કોન્વે અને રેલીમાં આ આખલાઓ અથડાયા નહીં હોવાથી અકસ્માત ટળ્યો હતો. મુખ્યમંત્રી જ્યારે તિરંગા યાત્રા પૂર્ણ કરી પોતાના કોન્વે સાથે જઈ રહ્યા હતા. તે સમયે યુગાન્ડા રોડ પર આ ઘટના બની હતી. મુખ્યમંત્રીના કાર્યક્રમના રૂટ પર રખડતા પશુઓને દુર કરવા માટે પોરબંદર નગરપાલિકા દ્વારા શેરી-વિસ્તારોમાં ખાસ માણસો મુકવામાં આવ્યા હતા, જેથી કરીને રખડતા પશુઓ મુખ્યમંત્રીના કાર્યક્રમના રૂટ પર ના આવી શકે, તેમ છતા પણ મુખ્યમંત્રીના કાફલામા આખલો ઘુસી આવ્યાની ઘટના બનવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યના અન્ય જિલ્લાઓની જેમ પોરબંદર જિલ્લામાં પણ મોટી સંખ્યામાં રેઢીયાળ ઢોર રસ્તે રઝળતા જોવા મળી રહે છે. રેઢીયાળ ઢોર દ્વારા આ પ્રકારના અનેક બનાવો બન્યા છે, જેમાં અનેક લોકોના જીવ ગયા છે તો કેટલાય લોકોને ઈજાગ્રસ્ત કર્યાના બનાવો બની ચુક્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### લદ્દાખમાં દેશના પ્રથમ જિયોથર્મલ પ્લાન્ટનું કામ શરૂ:સમુદ્ર સપાટીથી ૪૪૦૦ મીટરની ઉંચાઈ પર જમીનની ગરમીથી વીજળી ઉત્પન્ન કરવામાં આવશે



ભારત અને આઈસલેન્ડના એન્જિનિયરોએ લદ્દાખના પુગામાં ભારતના પ્રથમ જિયોથર્મલ પ્લાન્ટ પર કામ શરૂ કર્યું છે. પ્રારંભિક પરિણામો પ્રોત્સાહક રહ્યા છે. દરેક મીટર ડ્રિલિંગ સાથે, જમીનમાંથી વિશાળ માત્રામાં વરાળ બહાર નીકળી રહી છે, જે આ પ્રદેશની ક્ષમતાની પુષ્ટિ કરે છે. જિયોથર્મલ પ્લાન્ટ્સમાં, ધરતીની અંદરની ગરમીનો ઉપયોગ પાણીને વરાળમાં રૂપાંતરિત કરવા માટે થાય છે, જે બાદ વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે.

જિયોથર્મલ વીજળી સતત ચોવીસ કલાક ચાલે છે અને તે ક્યારેય સમાપ્ત થતી નથી. ભારતમાં ઘણા ગરમ પાણીના ઝરણા છે, જ્યાંનું તાપમાન એટલું વધારે છે કે તેઓ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. આવા તમામ સ્થળોમાં, લેહ લદ્દાખ નજીકનું પુગા સૌથી મોટું અને સૌથી આશાસ્પદ જિયોથર્મલ સાઈટ છે. સમુદ્ર સપાટીથી ૪૪૦૦ મીટરની ઉંચાઈ પર સ્થિત, પુગા જીઓથર્મલ સાઈટ લેહથી ૧૯૦ કિમીના અંતરે આવેલું છે અને તે ૫ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે.

ખાસ સાધનો સાથેના લેવર્સ હાલમાં હીટ સ્ત્રોતને ટેપ કરવા માટે ઊંડા ડ્રિલિંગ કરી રહ્યા છે. પ્રારંભિક પરિણામો પ્રોત્સાહક રહ્યા છે, કારણ કે એન્જિનિયરોને માત્ર ૩૫ મીટરની ઊંડાઈ પર ૧૦૦ ઞ તાપમાન જોવા મળ્યું હતું. આ તાપમાને પાણી ઉકળે છે. ડ્રિલિંગ ૫૦૦ મીટરની ઊંડાઈ સુધી કરવામાં આવશે અને બાદમાં પરિણામો અનુસાર સ્થળની સંપૂર્ણ ક્ષમતાને જાણવા અને ટોપ કરવા માટે ડ્રિલિંગ ૧ કિમીની ઊંડાઈ સુધી પહોંચશે.

પ્રારંભિક તબક્કામાં, ૧ મેગાવોટ પાવર માટે એક પાયલોટ પ્રોજેક્ટનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તે વર્ષના અંત સુધીમાં પૂર્ણ થશે. તે આસપાસના ૧૦ ગામોને મફત વીજળી પૂરી પાડશે. આ નાનો પ્રોજેક્ટ ભારતનો પહેલો જિયોથર્મલ પાવર જનરેશન પ્રોજેક્ટ હશે.

પ્રોજેક્ટ વિકાસના પછીના તબક્કામાં વધુ ઊંડા અને મોટા કુવાઓ ખોદવામાં આવશે. તેમાં ઉર્જા ઉત્પાદનની વિશાળ સંભાવના હશે. પ્રારંભિક અંદાજ મુજબ, પુગામાં ૧૦૦ મેગાવોટથી વધુ જિયોથર્મલ ઊર્જાની સંભાવના છે. ગયા વર્ષે ૮ ફેબ્રુઆરીએ આ ઐતિહાસિક જિયોથર્મલ પ્લાન્ટ માટે લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન, લદ્દાખ સ્વાયત્ત હિલ વિકાસ પરિષદ લેહ અને 'દ્રઞ ઉર્જા સેન્ટર વચ્ચે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

# જીવનમુક્તિ બ્રહ્મજ્ઞાનથી જ સંભવ છે



સદગુરૂ માતા સુદિક્ષાજી

બ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છે:બ્રહ્મને જાણવો,તેને જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું.આ ત્રીજી અવસ્થા જ જીવન મુક્તિની અવસ્થા છે.જયાં સુધી સર્વવ્યાપી પ્રભુ પરમાત્માનાં સાક્ષાત દર્શન-અપરોક્ષાનુભૂતિ ના થાય ત્યાં સુધી રામનું નિર્મલ જ્ઞાન, વિમલ વિવેક થતો નથી.રામનું જ્ઞાન અને વિશ્વાસ ત્રણ રીતે થાય છે:શાસ્ત્ર દ્વારા, ગુરૂ દ્વારા અને પોતે પોતાના દ્વારા.જયાં સુધી શાસ્ત્ર કૃપા,ગુરૂકૃપા અને આત્મકૃપાના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર થતો નથી ત્યાં સુધી લક્ષચૌરાશીનો ચક્કર સમાપ્ત થઇ મુક્તિ મળતી નથી અને વ્યક્તિ માયામાં અહીં તહીં ભટકતો રહે છે.

જયાં સુધી માનવને સદગુરૂના માધ્યમથી નિરાકાર પ્રભુ પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી તે ગમે તેટલા કર્મ કે ભક્તિ કરે તેમછતાં મનુષ્યને મુક્તિ મળતી નથી.વૈરાગ્યમાં સુખ છે પરંતુ મુક્તિ તો બ્રહ્મજ્ઞાનથી જ સંભવ છે.

જેવી રીતે મુખથી સાબુ સાબુ ઉચ્ચારવાથી કપડાં ધોવાઇ જતાં નથી,તેવી જ રીતે ફક્ત રામ-રામનો જાપ કરવાથી મુક્તિ મળતી નથી,જેમ પ્રકાશ થતાં જ અંધકાર આપોઆપ દૂર થાય છે તેવી જ રીતે જ્ઞાન થતાં જ પાપ..વગેરે કર્મો સ્વંયમ સમાપ્ત થાય છે.રોટલીનું નામ ઉચ્ચારણ કરવાથી ભુખ મટતી નથી,તેવી જ રીતે હરિ પરમાત્માની ફક્ત વાતો કરવાથી માયાની આસક્તિ દૂર થતી નથી.જો કોઇ અજ્ઞાની મંજીલ-લક્ષ્ય પાસે જ ઉભો હોય અને પૂછે કે મારી મંજિલ શું છે? તો સમજી લેવું કે તે મંજિલથી અનભિજ્ઞ છે. બ્રહ્મજ્ઞાન થતાં જિજ્ઞાસુઓને અનુભવ થાય છે કે:હું તો અંદર-બહાર પરમાત્માથી ઘેરાયેલ છું.સર્વવ્યાપી પરમાત્મા સાથેના મિલન માટે ગુરૂજ્ઞાન સિવાય અન્ય કોઇ માર્ગ જ નથી.

ભારતીય વિચારધારા જન્મ-મરણના ચક્રની યર્થાથતામાં વિશ્વાસ રાખે છે તેમાંથી ગુરૂ મુક્ત કરી શકે છે.ત્રણે લોકમાં ગુરૂ સિવાય કોઇ મુક્તિનું સાધન નથી.તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી જ જીવ પ્રભુ ભક્તિ કરી શકે છે તથા રાત દિવસ તેનામાં મગ્ન રહીને પોતાની માનસિક તથા આધ્યાત્મિક ભૂખ શાંત કરી શકે છે.ગુરૂ પોતે એક તીર્થ છે.તેમના ચરણોમાં બેસવા માત્રથી પાપો ધોવાઇ જાય છે.તે સંતોષનો ભંડાર હોય છે.ગુરૂ ચિર નિર્મલ જળનો સંચાર કરનાર સ્ત્રોત છે,જેનાથી દુર્ગતિનો મેલ ધોવાઇ જાય છે. વાસ્તવમાં જો ગુરૂ પૂર્ણ હોય તો પશુ સમાન પતિત અને કુટિલ મનુષ્યને પણ દેવત્વ-પદ પ્રાપ્ત કરે છે. તેમના હૃદયમાંથી હંમેશાં નીકળતી બ્રહ્મજ્ઞાનની સુગંધી વિશ્વ પ્રકૃતિને સુગંધિત કરે છે.આવા મહામાનવના ચરણોમાં શિશ ઝુકાવવાથી અવશ્ય કલ્યાણની પ્રાપ્તિ થાય છે.સદગુરૂ સમાજના દરેક વ્યક્તિને બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પોતાના મૂળ સ્વારૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને વ્યક્તિ તથા સમાજને સ્વર્ગીય આનંદ પ્રદાન કરે છે.

મુક્તિદાતા,જીવ-બ્રહ્મમાં એકત્વ સ્થાપિત કરનાર તથા સંસારના વિષય-વિકારોમાંથી મુક્તિ અપાવનાર ગુરૂ ક્યાંના નિવાસી હોય છે? શારીરિક રૂપમાં તે ભલે દુનિયાદારી દેખાય પરંતુ વાસ્તવમાં તે આ વિલાસી જગતના હોતા નથી,તે દુનિયાના નરકમાં તડપતી માનવતાના મસીહા ભૌતિકરૂપ લઇને આવે છે,તેમછતાં તે સ્વયમ પરબ્રહ્મ પરમાત્માના પ્રતિનિધિ હોય છે.ગુરૂ દેહમાં જ સ્થિત હોતા નથી,તે પ્રભુથી અભિન્ન હોય છે,તે સાકાર હોવા છતાંપણ નિરાકાર હોય છે,તે જીવોનું કલ્યાણ કરવા માટે દેહ ધારણ કરતા હોય છે.તમામ સદગ્રંથોએ તેમની મહીમાનું વર્ણન કર્યું છે.ગુરૂ અમારી જેમ માનવીય આકારમાં હોય છે. તેમનું શરીર સંસારમાં કામ કરતું દેખાય છે પરંતુ તે પ્રભુથી અભિન્ન હોય છે.આ જગતના કોઇ બંધન તેમને હોતા નથી.ગુરૂ એ પ્રભુએ મોકલેલ દૂત છે.જે સંસારના કલ્યાણના માટે પ્રભુથી વિખૂટા પડેલ જીવોને પરમાત્માની સાથે જોડવા માટે આવે છે.

ગુરૂ પીર પયંગબર અવતાર આવીને માનવને માયાના અંધકૂપમાંથી બચાવીને મુક્તિપથ પર આગળ વધારવાનો પ્રયત્ન કરે છે પરંતુ આજનો માનવ તેમનું અનુકરણ અનુસરણ કરવાના બદલે બાહ્યપૂજા સુધી જ સીમિત રહી જાય છે.પરિસ્થિતિ અમોને વિવશ કરી રહી છે કે: આપણે બધાએ એક ક્ષણ થોભાઇને વિચારવાનું છે કે:શું અમે સદગુરૂ દ્વારા નિદિષ્ટ દિશામાં ચાલી રહ્યા છીએ..?

સદગુરૂ સંપૂર્ણ માનવજાતિને મુક્તિ(મોક્ષ) અપાવવા અવતરીત થાય છે.સદગુરૂ તે જ છે જે સર્વવ્યાપી નિરાકાર પ્રભુ પરમાત્માની વાસ્તવિકતાને અભિવ્યક્ત કરે છે.સદગુરૂ એ છે જે જિજ્ઞાસુઓને સાંસારીક મહાસાગરની પ્રજ્વલ્લિત અગ્નિથી બચાવીને સાંસારીક મોહ-માયાના બંધનોમાંથી છુટકારો અપાવે છે.

ઘણા લોકોના મનમાં એવો ભ્રમ હોય છે કે પ્રભુ પરમાત્માના પ્રત્યક્ષ દર્શન ક્ષણમાં થઇ શકતા નથી. મુક્તિ મળતી નથી.આ વાતો નિરાધાર અને ભ્રામક છે.મનુષ્યના ઉત્તમ ભાગ્ય હોય તો સમરથ સદગુરૂ મળી જાય છે અને તેમની કૃપાથી પ્રભુના દિદાર થઇ જાય છે.

જીવનમાં સુખ..શાંતિ..આનંદ અને પ્રેમ ઈચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સબંધ જોડવો પડશે.જે આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઇ ગયા તેમને જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળી જાય છે.સંસારને ભવસાગર કહેવામાં આવે છે,તેને કોઇ છલાંગ મારીને પાર કરી શકાતો નથી.પ્રત્યેક પ્રાણીએ તેની વચ્ચેથી પસાર થવું પડે છે.સુખ દુઃખ ભોગવતાં ભોગવતાં મુક્તિ સુધી પહોંચવું એ જીવનનું લક્ષ્ય છે.

જીવના બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે.મન નિર્વિષય બને તો મુક્તિ અને મન વિષયી બને તો બંધન.મન જો વિષયોમાં આસક્ત થાય તો બંધનનું કારણ બને છે પણ એ જ મન જો પરમાત્મામાં અનુરાગી બને તો મોક્ષનું કારણ બને છે.આ મન જયારે હું-પણા મારા-પણાનું કારણ એવા કામ ક્રોધ વગેરે વિકારોથી મુક્ત અને શુદ્ધ થઇ જાય છે ત્યારે તે સુખ અને દુ:ખમાંથી છુટીને સમ-અવસ્થામાં આવી જાય છે.જગત બગડ્યું નથી,મન બગડ્યું છે.મન વિષયોનું ચિંતન કરે તો શત્રુ છે અને પરમાત્માનું ચિંતન કરે તો મિત્ર છે.જે મન બંધન કરે છે તે જ મન મુક્તિ આપે છે.

સંસારમાં નાવની જેમ રહેવું જોઈએ.નાવ પાણી ઉપર રહે તો તે તરે છે પણ જો નાવની અંદર પાણી આવે તો તે ડૂબી જાય છે તે પ્રમાણે તમે સંસારમાં રહો પણ સંસાર તમારામાં ના રહેવો જોઈએ એટલે કે નિર્લેપપણે સંસારમાં રહો.આ શરીર નાવ છે,સંસાર સમુદ્ર છે અને વિષયો તે જળરૂપ છે.વિષયો શરીરમાં આવે તો તે સંસારમાં ડૂબી જાય છે.સંસારમાં રહેવું તે ખરાબ નથી પણ સંસારને મનમાં રાખવો તે ખરાબ છે.મનમાં રહેલો સંસાર રડાવે છે.મનમાં રહેલી મમતા બંધન કરે છે,મન મરે તો મુક્તિ મળે છે. બંધન મનને છે આત્માને નથી,આત્મા તો સદા મુક્ત જ છે.સંસાર એ કેવળ મનની કલ્પના માત્ર છે. મન જ સંસાર ઉભો કરે છે.સ્વપ્નનું જગત જેમ મન ઉભું કરે છે તેમ જાગૃત અવસ્થાનું જગત પણ મન ઉત્પન્ન કરે છે.મન બગડે એટલે જીવન બગડે છે,મન સુધરે તો મુક્તિ મળે છે.

જયારે માનવી ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્વદર્શી સદગુરૂના શરણમાં નતમસ્તક થઇને પોતાને પૂર્ણરૂપે સમર્પિત કરી દે છે તો સદગુરૂ તેને બ્રહ્મજ્ઞાન આપીને તમામ પ્રકારના બંધનોમાંથી મુક્ત કરી દે છે,ભલે પછી તે કર્મો પૂર્વજન્મોના હોય કે આ જન્મનાં હોય.

સદગુરૂ જ્ઞાનરૂપી અગ્નિથી જીવનાં તમામ કર્મો બાળી નાખે છે અને આ જન્મ મરણના ચક્કરમાંથી મુક્ત થઇ જાય છે.જીવની મુક્તિ માનવયોનિમાં જ સંભવ છે. મનુષ્ય યોનિઓમાં જ જીવ તમામ યોનિઓથી વધુ ચેતન હોય છે,બાકીની તમામ યોનિઓ ભોગ યોનિઓ છે,ફક્ત માનવ યોનિ જ એક માત્ર એવી યોનિ છે જેમાં જીવને પૂર્વજન્માના કર્મોના ફળ ભોગવવાની સાથે સાથે નવા કર્મો કરવાની પણ સ્વતંત્રાતા હોય છે.મનુષ્યયોનિમાં જ જીવ કર્મોના બંધનથી બંધાય છે.જેમ કીચડ પાણીથી જ બને છે અને જયારે કીચડથી પગ બગડે છે ત્યારે પાણી દ્વારા જ સાફ કરી શકાય છે..તેવું જ માનવયોનિનું છે.મૃત્યુ બાદ મુક્તિ મળે એ વાત સાચી નથી કારણ કે રાજા જનક જીવત જીવ જ વિદેહી કહેવાયા હતા.આધ્યાત્મિક દ્રષ્ટિમાં મુક્તિ શબ્દનો અર્થ થાય છે:જીવિત અવસ્થામાં જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને તમામ પ્રકારના બંધનોથી મુક્ત થવું.

આત્મ સ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતાં જ મુક્તિ મળે છે.મનુષ્યને "જગત નથી" એવો અનુભવ થાય છે પણ "હું નથી" એવો અનુભવ થતો નથી."અહમ" નું વિસ્મરણ જલ્દી થતું નથી.ધ્યાનમાં ધ્યાન કરનારો 'હું ધ્યાન કરું છું' એ પણ ભૂલી જાય છે ત્યારે પ્રભુના સ્વરૂપમાં લીન થાય છે.ધ્યાતા ધ્યાન અને ધ્યેય..આ ત્રિપુટીનો પરમાત્મામાં લય થાય એ જ મુક્તિ છે.'ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ માપવા ગઈ તે સાગરમાં વિલીન થઇ ગઈ પાછી જ ના આવી.' ઈશ્વરમાં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી.

જીવમાં જીવ પણું રહેતું નથી.આ જીવ ખાંડની પૂતળી જેવો છે અને પરમાત્મા સમુદ્ર જેવા વ્યાપક છે વિશાળ છે.આ બ્રહ્મતત્વને જાણનારો બ્રહ્મ સાથે એકરૂપ થાય છે.સંત નિરંકારી મિશન ૧૫મી ઓગસ્ટના રોજ સત્સંગના માધ્યમથી મુક્તિપર્વ ઉજવે છે.બ્રહ્મલીન સંતો અને રાજનૈતિક સ્વતંત્ર સેનાનીઓને શ્રદ્ધા સુમન અર્પિત કરે છે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

### હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત વિશેષ સંવાદ : 'ભારતના વિભાજનનો કાળો ઇતિહાસ !'

**હિંદુઓએ વિભાજન સમયનો સત્ય ઈતિહાસ સમજી લઈને આત્મપરીક્ષણ કરવું ! - ધારાશાસ્ત્રી સતીશ દેશપાંડે**



ભારતની ફાળણી સમયે હિંદુઓ અને શીખ બાંધવોને મારી નાખવામાં આવ્યા. હિંદુ અને શીખ મહિલાઓ, બાળાઓ પર ભયંકર અત્યાચાર કરવામાં આવ્યા, જેનું શબ્દોમાં વર્ણન કરી શકાતું નથી. પોતાને બુદ્ધિવાદી અને ઈતિહાસતજજ્ઞ સમજનારાઓ બન્ને બાજુથી હિંસાચાર થયો, એવું હજીસુધી જૂઠું કહેતા આવ્યા છે. આ હિંદુ મૃતકો પર અન્યાય છે અને ઈતિહાસમાંની ભૂલ પણ છે. હિંદુઓએ ફાળણી સમયનો સત?ય ઈતિહાસ સમજી લઈને આત્મપરીક્ષણ કરવું, એવું આવાહન ઈતિહાસ અને સંસ્કૃતિ અભ્યાસક અને લેખક ધારાશાસ્ત્રી સતીશ દેશપાંડેએ કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી સ્વતંત્રતાના અમૃત મહોત?સવ નિમિત્તે આયોજિત 'ભારતના વિભાજનનો કાળો ઈતિહાસ !' આ વિષય પરના 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં તેઓ બોલી રહ્યા હતા.

ધારાશાસ્ત્રી દેશપાંડેએ ઉમેર્યું કે, મુસલિમ લીગના 'ડાયરેક્ટ એક્શન ડે'ની ઘોષણાથી રમખાણો કરાવીને, હિંદુઓ પર અત્યાચાર કરીને તેમની ભૂમિ હડપ કરી જઈને ફાળણી કરવામાં આવી. પશ્ચિમ બંગાળ પ્રાંત અને ત્યારનો પૂર્વ બંગાળ (વર્તમાનમાં બાંગ્લાદેશ) ખાતે શ્રી. ગોપાલ પાઠાના નેતૃત્વ હેઠળ હિંદુઓએ કરેલા પ્રતિકારને કારણે મુસ?લિમ લીગે તે સમયે કરેલા રમખાણો રોકવામાં આવ્યા; પરંતુ શ્રી. ગોપાલ પાઠા કોણ છે, એ આજની પેઢીને જ્ઞાત જ નથી, કારણકે ભારતની ફાળણી દરમ્યાન હિંદુ બાંધવો પર થયેલા અત્યાચાર અને બલિદાનનો સત્ય ઈતિહાસ હજી સુધી કહેવામાં જ આવ્યો નથી. વર્તમાનમાં પાકિસ્તાનમાં રહેલું લાહોર, રાવળપિંડી સ્થાનોએ હિંદુઓની કરપીણ હત્યાઓ, સ્ત્રીઓ પર અમાનવી અત્યાચાર થયા. રેલગાડીઓમાં હિંદુઓના મૃતદેહ 'આઝાદી કા તોહફા' તરીકે અમૃતસર અને દેશના અન્ય સ્થાનોએ મોકલવામાં આવ્યા.

સ્વતંત્રતાવીર સાવરકરે દેશનું વિભાજન થશે, આ વિશે વર્ષ ૧૯૪૨માં તેમના ભાષણ દ્વારા પહેલેથી જ ચેતવ્યા પણ હતા, પરંતુ સાવરકર જ દેશના વિભાજન માટે ઉત્તરદાયી છે, એવો દુષ્પ્રચાર આજે પણ કરવામાં આવી રહ્યો છે. મહંમદ અલી જીના સાથે મુસલમાન નેતાઓએ વિભાજન કરાવ્યું, આ સત્ય સુસ્પષ્ટ રીતે કહેવામાં આવતું નથી, એમ પણ ધારાશાસ્ત્રી દેશપાંડેએ કહ્યું.

આપનો નમ્ર,
શ્રી. રમેશ શિંદે
રાષ?ટ્રીય પ્રવક્તા, હિંદુ જનજાગૃતિ સમિતિ
સંપર્ક : ૯૯૮૭૯૬૬૬૬૬

# ઝેરના ભાવ વધશે તો કોઇ સાંસદ સંસદમાં વિષપ્રાશન કરશે? રાજુ રદીનો સવાલ




" હા, ધિક છે! ધિક્કાર છે! લ્યાનત છે!" રાજુ રદીને દુર્વાસા મુનિ જેવો ક્રોધ ચડ્યો હતો. રાજુ રદી કૌશિક મુનિ જેવી કાતિલ નજરથી મને અપલક નિહાળી રહ્યો હતો. માનો કે હું બગલી હોઉને બળીને ભસ્મ થઇ જઉં. રાજુ રદી પગ પછાડતો પછાડતો ધમધમ કરતો મારા ઘરના દરવાજાને જંજીર ફિલ્મમાં અમિતાભ ખુરશીને લાત મારીને વિલનને બેસવા દેતો નથી તેમ લાત મારીને પ્રવેશ કર્યો. ( આડ વાત એ છે કે કેબીસીમાં વિલનોને-કોઇ પણ પ્રકારના હોય તેને આદરપૂર્વક હોટ સીટ પર બેસાડીને સવાલજવાબ કરે છે!!)

" છોકરીના બાપને ધિક્કાર નહીં. દીકરીનો બાપ સહાનુભૂતિને પાત્ર છે! દીકરીનો બાપ જાણી જોઇને દીકરીને તારા જેવા કૂવામાં ધકેલે નહીં તે ન્યોયોચિત છે!" મેં આજીવન વાંઢા રાજુની દુખતી નસ પર હાથ મુકયો.( બાય ધી વે કુંવારા અને વાંઢામાં ફરક છે. કુંવારાનું લગ્ન થવાની પ્રોજજવસ સંભાવના-શક્યતા રહેલી છે. જ્યારે વાંઢાના કેસમાં લગ્નની આશા નાભિ શ્વાસ પર હોય છે!!)

" ગિરધરભાઇ.નો પર્સનલ મેટર , પ્લીઝ!" બાજપાઇ જેવી લાચારી દર્શાવી.

"રાજુ. ઓકે યુધ્ધવિરામ." મેં રાજુને ક્ષમા વિરસ્ય ભૂષણમ જેવી ઉદારતાથી માફ કર્યો.

" રાજુ તું કોને ધિક્કાર કહેતો હતો? ઝેલેન્સકીને??"મેં પૂછ્યું.

"ના." રાજુએ હાઇકુ જેવો લાઘવયુકત જવાબ આપ્યો.

"પુતિન?"

"ના"

બાઇડન , જીનપિંગ?"

"ના"

નિતિશકુમાર?"

"ના. ભાઇ ના" રાજુએ કંટાળીને કહ્યું.

" ગિરધરભાઇ, સંસદમાં કંઇ વસ્તુ ખાઇ શકાય?"રાજુએ સવાલ કર્યો.

"રાજુ. સંસદમાં પગાર, ભથ્થા, એલાઉન્સ, વિકાસની ગ્રાંટ, મફત વિમાની પ્રવાસીની ટિકિટ ખાઇ શકાય." મેં થોડી સમજ આપી.

"વધારે?" રાજુએ સવાલ પૂછયો.

" સંસદમાં બગાસા ખવાય.છીંક ખવાય. ઉધરસ ખવાય.ઝોંકા ખવાય. શાસકપક્ષનું માથું ખવાય.ધોખો ખવાય." મેં કહ્યું!!

"હમણા સંસદમાં ગજબ થઇ ગયો. એક માથાફરેલ મહિલા સાંસદે સંસદમાં કાચું રીંગણ ખાધું . બેશરમે સ્પીકર કે પીએસને રીંગણ પણ ઓફર ન કર્યું. માની લઇએ કે સંસદ તો સાથે બેસીને ખાવાની ( બીજું આડુંઅવળું તમારા ખર્ચે અને જોખમે વિચારવાની માપસરની છૂટ છે.★ શરતો લાગુ! આપણે પગાર-ભથ્થા સૌનો સાથ સૌનો વિકાસ ફોર્મ્યુલા મુજબ સર્વાનુમતે વિના વિરોધે વધારી છીએ કે નહીં? )જગ્યા છે. પણ રાજકીય શિષ્ટાચાર નામની ચીજ હોય કે નહીં?? ?બાય ધી વે, રીંગણ ખાવા માટે સંસદના કયા નિયમ હેઠળ નોટીસ આપવી જરૂરી છે? વગર નોટીસે બાપાના બેક્રવેટ હોલની જેમ સંસદમાં રીંગણ ખાવાથી વિશેષાધિકાર ભંગ થાય કે નહીં? બિનસંસદીય શબ્દોના ઉચ્ચારણના કેસમાં રેકર્ડ તપાસીને શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે.રીંગણના કેસમાં રીંગણનું ડીંટીયું બચ્યું હશે તો તેને રેકર્ડ પરથી કંઇ રીતે દૂર કરી શકાશે?"મેં કેટલાક એહમ સવાલ ઉઠાવ્યા.

" ગિરધરભાઇ. એ મહિલા સાંસદ રાષ્ટ્રવાદ, રાષ્ટ્રપ્રેમ કે આઝાદીના અમૃતમહોત્સવ કે એક રાજય ગુંડા મવાલીના ગંદા હાથમાંથી છૂટી લોકશાહી દ્રઢ થઇ એની વાત કરવાના બદલે ગેસ સિલિન્ડરના વધેલા ભાવ જેવા ક્ષુલ્લક મુદો ઉઠાવી લોકોએ રાંધેલી રસોઈને બદલે કાચું ખાવાની નોબત આવી છે એવું ઠસાવવા માંગે છે. હકીકતમાં તમામ રોગોનું કારણ વિરૂધ્ધ આહાર છે. રાંધવાને લીધે પોષક તત્વો નાશ પામે છે. વધારામાં ગેસ, મરી મસાલા, તેલ , બળતણ પાછળ ફિજુલ ખર્ચ થાય છે. મોલમાંથી લુજ-અનપેકડ લોટ લઇ આવો( લોટ લુજ હોવાથી જીએસટી નહીં લાગે! લો બચત થઇ ગઇ. લો બલ્લે બલ્લે હો ગઇ!!)અને લોટ ફાંકો.લોટ ફાંકતી વખતે હસવાની મનાઇ નથી, પરંતુ,તેનાથી જે પરિસ્થિતિ સર્જાય તેની જવાબદારી જ તે વ્યકિતની રહેશે ." રાજુએ મહિલા સાંસદની વર્તણૂકનું એનાલીસીસ કર્યું.

"રાજુ. તે નોટીસ કર્યું હશે કે તુવેરદાળ , ટમેટા, પેટ્રોલ, ડિઝલ, સિલિન્ડર, ચણાદાળ, લોટ, કોથમીર,લીંબુ વગેરેના ભાવો વધે તો સૌ હોબાળો કરે છે. પણ ઝેરના ભાવ વધે તો કોઇ હોહા કેમ કરતું નથી. ઝેરના ભાવો વધે તો સંસદમાં કેમ ધરણા પ્રદર્શન કરતું નથી??"મે રાજુને વેધક સવાલ કર્યો." ગિરધરભાઇ પેલા મહિલા સાંસદ ઝેરના ભાવ વધશે તો સંસદમાં વિષપ્રાશન કરશે ખરા??" આમ કહીને રાજુ રદીએ વિપક્ષની જેમ વોકઆઉટ કર્યું!!

ભરત વૈષ્ણવ
૧૪.૮.૨૦૨૨.

**તીન પતી**
**ભ્રષ્ટ થાય મતિ,**
**એ રમે તીન પતી.**
**જો બાજી જીતે તો ,**
**માનો હેલોઝન બતી.**
**જો બાજી હારે તો,**
**માનો કે મીણબત્તી.**
**અનેક ખુવાર થયા,**
**ડૂલ થઇ ચાની પતી.**
**રૂપિયા ન હોય તો ,**
**દાવ પર મુકે શ્રીમતી.**
**શ્રાવણમાં તીનપતી,**
**સૌને માટે લાલબતી.**
**હારનારની સંપતિ,**
**વિજેતાને આપતિ?**
**ભરત વૈષ્ણવ**
**૧૪.૮.૨૦૨૧.#કવિતા**

### વડોદરામાં ૧૬ ઓગસ્ટે તિરંગો પરત આપો અને રિફંડ લઇ જાવ, આ ઝંડાઓને કાશ્મીર બોર્ડર પર ફરકાવીશું



વડોદરા

દેશભરમાં ઘર ઘર તિરંગા અભિયાન ચાલી રહ્યું છે, ત્યારે વડોદરા શહેરમાં આમ આદમી પાર્ટીએ લોકોએ ખરીદેલા તિરંગાઓને પરત લઈને રિફંડ આપવાની જાહેરાત કરી છે. આમ આદમી પાર્ટીની જાહેરાત પ્રમાણે ૧૬ ઓગસ્ટે તિરંગો પરત આપો અને રિફંડ લઈ જાવ, આ ઝંડાઓને કાશ્મીર બોર્ડર પર ફરકાવીશું.

આમ આદમી પાર્ટીના નેતા સ્વેજલ વ્યાસે જણાવ્યું હતું કે, આખા દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ યોજાઇ રહ્યો છે. ત્યારે લોકો પોતાના ઘરની બહાર તિરંગો ફરકાવી રહ્યા છે. જેથી ૧૫ ઓગસ્ટ બાદ પણ રાષ્ટ્રધ્વજનું સન્માન જળવાઈ રહે તે આમ આદમી પાર્ટીએ પહેલ કરી રહી છે. વડોદરા શહેરમાં જે લોકોએ પૈસા ખર્ચીને તિરંગા લીધા છે અને તેને ફરકાવ્યા બાદ તેઓ સાચવી ન શકે તો ૧૬ ઓગસ્ટે તેને અમે પરત લઈશું અને તેની સામે રિફંડ પણ આપીશું. હાલ આ અભિયાન વડોદરા શહેર પુરતું છે.

સ્વેજલ વ્યાસે કહ્યું હતું કે, અમે આ તિરંગા ૧૬ ઓગસ્ટે સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા સુધી શહેરના સુભાનપુરા વિસ્તારમાં પંચરત્ન બિલ્ડિંગ પાસે સરદાર વલ્લભભાઇ પટેલના સ્ટેચ્યૂ પાસે આમ આદમી પાર્ટી દ્વારા તિરંગા લેવા માટેનો કેમ્પ આયોજીત કરીશું. એક વ્યક્તિ વધુમાં વધુ પાંચ તિરંગા આપી શકશે. આ તિરંગા લેવા પાછળનો ઉદ્દેશ્ય એ છે કે, જો કોઇ તેને સાચવી ન શકે તો તેનું અપમાન ન થાય. આ તિરંગા પરત લેવાનો જે ખર્ચ થશે તે આમ આદમી પાર્ટીના કાર્યકરો પોતાની રીતે ફંડ એકત્ર કરી ચુકવશે.

તેમણે ઉમેર્યું હતું કે, આ તિરંગાને કાશ્મીરમાં ભારત પાકિસ્તાનની બોર્ડર છે, ત્યાં આર્મીના જવાનો પાસે પહોંચાડીશું, જેથી આ તિરંગાઓને સન્માનિત સ્થાન મળે. અમે આ તિરંગા કશ્મીરમાં ક્યા આપ્યા એ પણ માહિતી લોકો સુધી પહોંચાડીશું.



જીંદગી ભર દોડ્યાં ની વાત છે
ને પછી બધું છોડ્યા ની વાત છે
કૈંક યત્ન પછી પણ બચી ન શક્યા
ને અંતે કર જોડ્યા ની વાત છે
કંઈક ભૂલ્યા ને કંઈક સ્મરણ રહયું
કંઈક જખમ વખોડ્યા ની વાત છે
અણગમતું તો કૈંક આવ્યું રાહ માં
એ બસ કરમ ફોડ્યા ની વાત છે
એ છતાં ધડકન મહીં રહયા અમે
તાર હૃદય ના તોડયા ની વાત છે
આર બી રાઠોડ (બનાસકાંઠા ડીસા)



સ્વયંને પરવડે તે કાયદા રાખીને બેઠા છે
અહીં સૌ પોતપોતાનો ખુદા રાખીને બેઠા છે
પ્રશંસા ખૂબ કરશે, હાથમાં ફૂલોય પણ ધરશે
જે બીજા હાથમાં છાની ગદા રાખીને બેઠા છે
તમે જો પામવાની આશ રાખી હો, તો છોડી દો
એ ઈશ્વરને ય એના પર ફિદા રાખીને બેઠા છે
નશો શું ચીજ છે! સાકીને નહીં મીરાંને જઈ પૂછો
કટોરા ઝેરમાં સૌ મયકદા રાખીને બેઠા છે
પડું ના પ્રેમમાં તો હું ય બીજું શું કરું 'લાખણ'?
એ રંભાથી ય મારકણી અદા રાખીને બેઠા છે
'લાખણ'શી આગઠ (પોરબંદર)



'હૈયાં ના દ્વાર ખુલી ગયા'
તારા નાજુક હસ્ત ના સ્પર્શ થી હૈયાં ના દ્વાર ખુલી ગયા,
મારા સુના હૈયાં મા જીવન સંગીત ના તાર વગાડી ગયા.
ત્યાર થી સદા આ નયનો નીરખે આતુર થઈ ને ઝંખે તને,
થતી રહી પ્રતીક્ષા ની વર્ષા, જયાર થી મલ્હાર છેડી ગયા.
હચમચી ઉઠ્યો મારા હૈયાં નો સાવ સુનો હતો એ પ્રદેશ,
નથી આવતી નિદ્રા દિનરાત ;એવો કેવો પ્રેમ રંગ રેડી ગયા.
સ્નેહ તરસતી ભટકતી આ નજર ક્યાં પહોચાડ શે સંદેશ,
વહેતા અશ્રુ થી પલળતી પાંપણ ની એ કિનારી તોડી ગયા. જીદગી
મારી અટવાઈ છે 'કમલ' યાદો નો તેકેવો છે વેશ,
કોણ પીશે આ પ્રેમ રસ ભરેલી પ્યાલી તમે જે ઢોળી ગયા.
કમલેશ.વી.પરીખ (બોડેલી - વડોદરા )



તમે જ છો....
સાગર સમી છે પ્યાસ ને પનઘટ તમે જ છો,
આ ધોધમાર મેઘની વાછટ તમે જ છો,
વધતો રહે છે પ્રેમ તમારા નસીબનો,
મારા નસીબમાં જે રહી ઘટ તમે જ છો.
ગુમસુમ તમે રહો છો, આ કોના વિચારમાં,
મારા તો બસ ખયાલમાં નટખટ તમે જ છો,
ખોલીને બંધ દ્વાર ચકાસુ છું રોજ હું,
હું જે અનુભવું છું એ આહટ તમે જ છો.
આખા જીવનમાં ક્યાંય નથી સાથ આપણે,
પણ એ છતાં ય સાથ તો છેવટ તમે જ છો.
આશિષ મકવાણા (ભાવનગર)



દુઃખ તો ભાઈ, દરિયા જેવડું,
સુખના છાંટણે ના'વું
અમૃતપાનના હોય ના પિયાલા,
એ તો રૂના પુમડે ટોવું.
દીધુ જો હોય, દિલથી દાતારે,
તો એકલ-પેટે ન ખાવું.
વર્તન આપણું સારૂ કે નઠારું,
અન્ય ની નજરે જોવું.
કહે,ચૌરાસી લાખ ફેરે મળે છે,
માનવ જીવન મોંઘેરૂ
હરિ ભજ્યા વિના, જીવ, એ,
અમથું અમથું ના ખોવું.
મળે છે ક્યાં, બધુ જ બધાને,
ભાગ્ય-દુર્ભાગ્ય ને શુ રોવું?
કરતો રહું કર્મ-ધર્મ હું મારું,
બીજું ઈશ્વર પર છોડું.
મહેન્દ્ર પંડ્યા, જામનગર.



**વડાપ્રધાનશ્રી નરેન્દ્રમોદીનાં માતુશ્રી હીરાબા એસામાન્ય પરિવારનાં બાળકોને રાષ્ટ્રધ્વજ વિતરણકરી બાળકો સાથે તિરંગો લહેરાવ્યો**

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG. SS. NO. 0097
વિષય :મનોકામના
પ્રકાર : ગદ્ય
શીર્ષક :કિન્નર

આજે સુનંદાબેન અને નિલેશભાઈની એક આંખ હસે છે.એક રડે છે.હૈયામાં ઉંમંગ પણ છે અને વિષાદ પણ છે. જો કે બંને આ પરિસ્થિતિ માટે તૈયાર અને સજાગ પણ છે જ.નીમાની ડોલી સજાવાય રહી છે. લવલી સખીઓ સાથે મસ્તીથી દીદીના વિદાયના ગીત-ગરબામાં ઘુમી રહી છે.

કિન્નરો માંડવામાં પોતાના હક્કનું દાપુ લેવા આવી પહોંચ્યા. વેવાઈઓ અને અન્ય સગા સસ્તામાં પતાવવા મથી રહ્યા.સુંનંદાબેને આગોતરા તૈયારી કરી જ હતી.

સન્માન પૂર્વક બધાને જમાડ્યા.ભરેલું કવર માસીના હાથમાં મૂકીને આશીર્વાદ મેળવીને હસતા હસતા બધાને રવાના કર્યા.

ખરેખર સુંનદાબેન હસતા હતા?ના. બળતા હૈયે હસી રહ્યા હતા.હા ચોક્કસ જ. હૈયે હોળી મોં પર દીવાળી.

સુનંદાબેન અને નિલેશભાઈએ ગાંઠ વાળી હતી. ગમે તે થાય. દીકરી લવલીને કિન્નરો ના સંઘમાં સામેલ નહીં જ કરે. પોતાના ઘરમાં પોતાની સાથે રાખી દીકરીની બધી મનોકામના પુરી કરશે.

લવલી સમજણી થઈ ચૂકી હતી. સુનંદાબેન દીકરીના મનમાં રોજ બરોજ ઉદભવતા અવનવા પ્રશ્નોનો સામનો કરી રહ્યા હતા.લવલીની ઈચ્છા ખુબ ભણવાની હતી. પરંતુ એને કયાં સામાજીક વાડાનો પરિચય હતો? સુનંદાબેને સીફતથી એને ક્ષ્ક્રહષ્ઠી શીખીને કૃષ્ણમય જીવન જીવવાનો સુજાવ આપ્યો.

ભણતરનો પર્યાય મળી ગયો. લવલી ઉત્તમ ક્ષ્ક્રહષ્ઠીબિની અને કૃષ્ણની મીંરા બની. ઘરને જ વૃંદાવન બનાવી દીધું. માતાપિતાએ દીકરીની મનોકામના પૂર્ણ કરી.

વર્ષાબેન દેસાઈ
એડવોકેટ
વડોદરા- ઓસ્ટ્રેલિયા

..............................................

: NGO સાહિત્ય સરિતા (૧)
NoG SS. No. --39
વિષય - મનોકામના
પ્રકાર -- લેખ
શીર્ષક --મનસાઓનો મધપુડો
શબ્દો -- ૨૯૮

મનોકામનાઓ દરેકને હોય, એક-બે નહિ, અનેક હોય. એનો અંત ક્યારેય નથી આવતો. જીવનભર એ વળગેલી જ રહેવાની!

હું ટાવરમાં ત્રીજે માળ રહું છું પણ મારાં ફ્લેટની બારીમાંથી દસમે માળની છત પર લટકતાં ત્રણ મોટા મધપૂડા દેખાય છે. બધાંના કહેવા પ્રમાણે મધપૂડા હોવા એ સારા નસીબની વાત કહેવાય એ રીતે ટાવરમાં રહેતાં બધાં જ નસીબદાર ગણાય.

હું આ મધપુડાને વ્યક્તિની મનસાઓનાં ટોળા સાથે સરખાવું છું.

એમાંથી ઊડતી મધમાખીઓ ઉડી ઉડીને પાછી એ જ પુડા ઉપર બેસી જાય છે.

ઈચ્છાઓનું પણ એવું જ. એક પૂરી થાય ન થાય ત્યાં બીજી જન્મી જ હોય. એક મધમાખી ઉડે તો એની સાથે અનેક મધમાખીઓ ઊડતી હોય છે.એક ઈચ્છા એની સાથે અનેક ઈચ્છાઓને લઈને જન્મે છે.કદાચ આપણું જીવન ઈચ્છાઓનાં અવતરણ અને એની પૂર્તિ માટેજ હોય એવું લાગે છે.ક્યારેક એમ થાય કે બસ, આટલી એક મનોકામના પુરી થઈ જાય પછી મારે કંઈ જ નથી જોઈતું.પણ એવું બનતું નથી. ક્યારેક એ ઈચ્છા પૂરી નથી થતી તો ક્યારેક પુરી થયેલી ઈચ્છાઓની બીજી શાખાઓ ફૂટી જ નીકળે છે.

વારે વારે ફૂટી મધપૂડાની જેમ ફૂટી નીકળતી ઈચ્છાઓના આ ટોળાનું શું કરવું? એ પુરી ના થાય ત્યાં સુધી મધમાખીની જેમ ચટક્યા જ કરે, મનને ડંખ્યાં કરે.

કોઈ એવું હશે જેને ક્યારેય કોઈ ઈચ્છા જ ના થાય? દીક્ષા લીધા પછી વ્હોરવા નીકળતા સાધુને પણ મનમાં નહીં થતું હોય કે આજે ભાવતું શાક મળી જાય તો સારું!?

ઈચ્છાઓના પણ જુદા જુદા સ્વરૂપ હોય છે.એટલે જ મારી અને તમારી ઈચ્છા અલગ હોય છે.એક વ્યક્તિનું સુખ એ બીજી વ્યક્તિ માટે સુખ જ હોય એવું જરાય નથી.

બાળકના જન્મ્યા પહેલા જ મા- બાપના મનમાં જન્મતી ઈચ્છાઓ ગર્ભસ્થ બાળકના મનમાં રોપાઈ જાય છે અને એના જન્મની સાથે જ એ ઊગી નીકળે છે.

પણ માણસ માત્ર અધુરો રહેવા જ સર્જાયો છે. કોઈનીય દરેકે દરેક મનસા ક્યારેય પુરી થતી નથી.ત્યારે જે કાંઈ મળે છે તેનાથી જ મન મનાવવું પડે છે.

પ્રફુલ્લા 'પ્રસન્ના'

..............................................

NGO સાહિત્ય સરિતા
N G NO.118
વિષય મનોકામના, અભિલાષા
પ્રકાર પદ્ય
શીર્ષક : ઘટનાના રંગ

'તારું' મળવું એ પણ કદાચ એક 'સંવેદના' મઢેલી ઘટના જ હતી...!!
ઉમેરાયા હતા એમાં થોડા 'લાગણી'ના રંગ...!!
'અભિલાષા'ઓ વિસ્તારતા 'વિશ્વાસ'ના રંગ..
હતી કદાચ હું પણ 'મારા'જ કોઈક રંગથી 'બેખબર'..!!
'હું' ઘૂંટાતી ગઈ...પાક્કો 'તારો' રંગ ચઢાવતી ગઈ..
પણ પેલી 'ઘટના'... ખબર નહી કેમ.. વિખરાતી ગઈ.. ને બસ ધૂંધળી થઇ ગઇ...!!?????

-ચૈતાલી જોશી

..............................................

[: NOG SS NO:004
વિષયઃ મનોકામના
પ્રકારઃ પદ્ય
શબ્દઃ ૧૮૯
શીર્ષકઃઅધધધધપ

આજ એક તો,
આશ જીવન
વહેતી રહે હૈયે,
અંત વગર,
મનોકામના.
જોયું વાદળ
સપ્તરંગી તે,
ત્યાં તો મેહ વરસ્યો!
વધી તલપ
મનોકામના.
એક પ્યાલીની,
મસ્ત મેદ હં,
છે ચાની ચૂસકીની
કડક મીઠી
મનોકામના.
અમૃત પર્વ
ડોલે જન ત્યાં,
હૈયે હામ ભરી છે,
ઝંડે અધધ,
મનોકામના.
માનવે લીધાં
સોગંધ મને
મેદ નહિ નસાનો,
આતો ઘેન કે,
મનોકામના.
દૂર દૂર તે,
ચાલ્યો જાય,
નાદ તેનો ગુંજતો,
હર ઘર છે,
ઝંડે લહેર.
ન.મોની હાંક
માનવ ઝૂમે,
હર ઘર ઝંડાની,
છૂટે સર્વેની
મનોકામના.

જયશ્રી પટેલ૧૪/૮/૨૨

..............................................

NOG.SS.No. 0098
વિષયઃ- મનોકામના
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- દ્રઢ સંકલ્પ

મિત્રો કહેવાય છે કે આપણું મન મક્કમ હોય અને શ્રદ્ધા હોય તો વિપરીત પરિસ્થિતિમાં પણ મનોકામનાઓ પૂર્ણ થઈ જાય છે આશા મહેનત અને લક્ષ રાખવો પડે છે ખરેખર આ સત્ય છે મેં પણ કોરોનાની મહામારીમાં ૨૦૦ વિધવા મહિલાઓને ઘેર ઘેર રાશનકેટ પહોંચાડવાનો સંકલ્પ લીધો હતો તે વખત એ સ્થિતિ બહુ જ કપરી અને વિપરીત હતી મારા સહ મિત્રો અને અમે બધાએ મળીને લીધેલા સંકલ્પને પૂર્ણ કરો કર્યો હતો બહુ જ મુશ્કેલીઓ આવી હતી પણ મન મક્કમ કરી મહેનતથી વિરોધ ઝીલીને અમે લક્ષ સુધી પહોંચી ગયા હતા. આવી રીતે અમારી સમાજ સેવાના લીધો (સંકલ્પ )મનોકામનાઓ પૂર્ણ થઈ હતી.

લીના શર્મા
હાલોલ!

# એક આઝાદી વિચારોથી...

'આઝાદી'...નામ કેટલું મોકળાશ ભર્યુ છે પરંતુ વાસ્તવમાં એટલી સ્વતંત્રતા, એટલા મુકત મને કેટલાં જીવ, જીવન જીવે છે...! દરેક માનવી ક્યાંક ને ક્યાંક બંધનોથી બંધાયેલ છે... પછી એ સ્ત્રી હોય કે પુરુષ... ક્યાંક પોતાના પરિવાર ની જવાબદારીઓની નીચે, ક્યાંક સમાજમાં રહેવા માટે, ક્યારેક પોતાના કાર્યક્ષેત્રમાં, ક્યારેક પોતાનું વર્ચસ્વ સાચવવા માટે, અમુક ચોક્કસ બંધનોથી બંધાયેલ છે.આજનો માણસ પોતાના વિચારો મુજબ નથી જીવી શકતો, ત્યાંજ એ માનસિક રીતે ગુલામીના બંધનોમાં બંધાઈ રહ્યો છે...બીજાનાં વિચારો થોપી દેવામાં આવે, અને એ વિચારને અમલમાં મૂકી જીવન જીવવું પડે,એ જ સૌથી મોટી ગુલામી છે... દુનિયામાં આવી જીવનશૈલીમાં જીવતાં વ્યક્તિ ભવિષ્યમાં અકળાવનારી પરિસ્થિતિમાં મુકાઈ જાય છે... અને આખરે જીવન ટુંકાવાનો પ્રયત્ન કરે છે, ત્યાં જ કરુણતા જન્મે છે. ક્યારેક જીવનમાં પોતાના વિચારો પર આગળ વધવું જરૂરી છે.ઈશ્વરે દરેક માણસને અલગ- અલગ તારવ્યા છે, દરેક ને એક નવાં વિચાર સાથે જન્મ દીધો છે... કે એ પોતાના વિચાર સાથે જીવે, પોતાની વ્યક્તિગત અને આગવી ઓળખ ઉભી કરે તે જ "આઝાદી"... ટોળામાં ચાલનારો હોંકારો જ



મારતો રહે છે,એ ગાડરિયા પ્રવાહમાંથી જે માણસ, પોતાની કળા, આવડત, હોંશિયારી, બુદ્ધિ અને સચોટ સમજણ સાથે પોતાનો અલગ રસ્તો બનાવે છે તે તરી જાય છે. ક્યારેક વિચાર એકમેકને મળતાં પણ આવે, ત્યારે તે કાર્ય વધુ સફળ બને છે,તે સંબધમાં માધુર્ય ભાવ ટકી રહે છે, આપણું સુખ, દુઃખ માત્ર વિચારો જેટલાં મર્યાદિત છે...એમ સમજવું કે મારા ખુદના વિચારો જ મને સુખી કરી શકે...!ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, નહેરુજી, જેવા કુશળ વીર પુરુષો પોતાના વિચારો પર ચાલ્યા છે, નહીં કે બીજાની વાત પર ચાલીને જીવન સફળ કર્યું...! હંમેશાં એટલું ધ્યાન રાખવું જોઈએ કે હું હું જ છું. કુદરતે મને જે બનાવ્યો છે,તે જ હું હંમેશા રહું...

આ તો રહી વાત વિચારોની, પરંતુ વાસ્તવમાં પુરુષ કરતાં સ્ત્રીઓનું જીવન વધુ બંધનોમાં જકડાયેલુ હોય છે, ત્યાં સુધી કે પૂછ્યાં કે કહયા વિના ઘરનો ઉંબરો પણ ઓળંગી નથી શકતી... ત્યાં તેના વિચારોનું તો શું મહત્વ? તે પોતાના પરિવાર માટે , પોતાની જવાબદારી બખુબી નિભાવવા છતાં, પોતાની અંતરની વાત છુપાવે છે, પરિવાર સમક્ષ નથી રાખી શકતી...! પછી દેશ આઝાદ થયાનું કેટલું મહત્વ...?ઘણાં પરિવારમાં સાસુનો મોભો પેઢી દર પેઢીથી ચાલતો હોવાથી પરિવર્તન અશકય છે.સાસુના દબાણ હેઠળ જીવન ગુજારતી વહુઓમાં આઝાદી ક્યાં? વર્ષોથી ચાલી આવતી પરંપરા,અનુશાસન મુજબ જીવતી સ્ત્રીઓ પોતાની કળાની આગવી ઓળખ ઉભી કરવામાં પાછી પાની કરે છે. પુરુષો પણ પ્રમાણમાં એટલા જ ગુલામીમાંથી પસાર થઈ રહ્યા છે. પોતાના કાર્યક્ષેત્રમાં ક્યાંક દબાણ હેઠળ જીવન ગુજારતાં હોય છે, ક્યારેક પરિવાર માં પોતાના વિચારો વ્યક્ત કરી નથી શકતા..?પરિવાર આર્થિક જવાબદારીના માધ્યમ દ્વારા દબાણમાં મુકત મને જીવન જીવી નથી શકતાં... આજનાં આધુનિક યુગમાં બાળક પણ ક્યાં મુક્ત મને વિહરી શકે છે? બાળપણથી જ થોક પુસ્તકો નીચે દબાયેલો રહે છે. પોતાના પ્રતિસ્પર્ધીઓથી આગળ આવવા અથાગ પ્રયત્નો કરતો હોય છે. તેનાં કારણે બાળપણ વિસરાઈ જાય છે, ક્યારેક આઝાદીની હવા મળી ન શકવાથી , ક્યારેક ગુંગળાઈ છે. નાનપણથી જ સંકુચિત વિચાર ધરાવતા હોય છે. ત્યારે તે મોબાઈલ કે મિડિયાનો સહારો લે છે, અને ગેજેટ્સની ખીણમાં જતો રહે છે ત્યાંથી તેને વાળવો ખુબ મુશ્કેલ બની રહે છે...ત્યારે સવાલ દિલમાં વસી જાય છે કે ક્યાં છે આઝાદી?આપણે બંધાય આઝાદ દેશના ગુલામ નાગરિકો છીએ. આઝાદ દેશના કેદ કરેલા પંખીઓ જેવી જિંદગી જીવીએ છીએ... આપણે સૌએ પોતાના માટે સમય આપવો જરૂરી છે, પોતાના વિચારો થકી સપના સાકાર કરવા નો પ્રયત્ન કરવો જોઈએ. પોતાનું જીવન વિકાસ "સારાં વિચારોથી" જ શકય છે. શકય હોય ત્યાં પોતાની વ્યક્તિગત વાત રાખવાનો પુરેપુરો પ્રયાસ કરવો જોઈએ..ુલામીમાંથી મુક્ત થવા એક વિચાર શોખ તરફ વાળવો જોઈએ...બની શકે કે પોતાનો એક શોખ, એક ખુબી બીજા જીવોનું પણ જીવન બદલી શકે...જેમકે, સમાજ સેવા કરવાનો શોખ,પશુ પંખીઓ સાથે સમય વિતાવવાનો શોખ, વૃક્ષો વાવવાનો,તેની માવજત કરવાનો શોખ હોય...એવો શોખ જે રોજીંદા જીવનથી અલગ રાખી હળવાશ નો અનુભવ કરાવે અને તેમાંથી જીવનનો આનંદ ઉત્સાહ વધે, અને કાર્યક્ષમતા વધે...ભલે વળતરની કોઈ આશ ન હોય, પણ વિચારોમાં મોકળાશ મળે, અને તે જ વ્યક્તિગત મુક્ત વિચાર અને ખરેઅંશે સાચી આઝાદી...

આશા જયેશ બરૂવાલા

# હર ઘર તિરંગા અભિયાનમાં હોંશે હોંશે જોડાતા અમદાવાદના નાગરિકો

**અમદાવાદ શહેરી અને ગ્રામીણ વિસ્તારના લોકો રંગાયા દેશભક્તિના રંગે**

**આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દુકાનો, રહેણાંક, કોમર્શિયલ કોમ્પ્લેક્સ પર લહેરાયા તિરંગા**

અમદાવાદ,

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનને પગલે હર ઘર તિરંગા અભિયાનની સમગ્ર દેશમાં ગૌરવભેર ઉજવણી કરવામાં આવી રહી છે.લોકો ઉત્સાહપૂર્વક પોતાના ઘર પર,ધંધા વ્યવસાયના સ્થળે તિરંગો લહેરાવી આ અભિયાનમાં જોડાઈ રહ્યા છે. સમગ્ર દેશ અને ગુજરાત રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં મગ્ન બન્યું છે ત્યારે અમદાવાદ જિલ્લો આઝાદીના અમૃત મહોત્સવના રંગમાં રંગાઈ ગયો છે.




અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારના રહેવાસીઓએ ઘરના આંગણામાં, બાલ્કની, આગાશીઓ પર તિરંગો ફરકાવ્યો છે. સાથોસાથ નાના મોટા વેપારીઓએ પણ કાર્યસ્થળે તિરંગો ફરકાવ્યો છે જેનાથી કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, દુકાનો, બજારોમાં દેશભક્તિનો ઉત્સાહ જોવા મળ્યો. શહેરના હજારો વાહનચાલકોએ રીક્ષા, બાઈક, કાર સહિતના પોતાના વાહનો પર તિરંગો લગાવ્યો હોવાથી શહેરના માર્ગો પર રાષ્ટ્રભક્તિનો સુંદર માહોલ નજરે પડી રહ્યો છે. અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આવેલા છઁસ્ઝ, સરકારી કચેરીઓ, સરકારી-ખાનગી શાળાઓ તેમજ જાહેર સ્થળો પર તિરંગો ફરકાવવામાં આવ્યો છે. સાથોસાથ સ્થાનિક સ્તરે તિરંગા યાત્રાઓ પણ આયોજિત કરવામાં આવી રહી છે.

# ચાણસ્માના વસાઈ ગામના પૂર્વ મહિલા સરપંચના પતિ દ્વારા તાલુકા પંચાયતમાં હંગામો મચાવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો,

પાટણ જિલ્લા ના ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે આજે બપોરે ત્રણથી ચાર વાગ્યાના ગાળામાં વસઇ ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ અજીતસિંહ જવાનજી વાઘેલા તાલુકા પંચાયતમાં તાલુકા પંચાયતના કર્મચારીઓ જયારે સરકારી ટપાલો લખી રહ્યા હતા તે દરમિયાન તમે આ કઇ કામગીરી કરો છો આ કામગીરી તમારામાં આવે છે કે કેમ તેમ કહી કર્મચારીઓની સાથે બોલાચાલી કરી વિડીયોગ્રાફી કરતા હતા તે દરમ્યાન કર્મચારીઓએ તાલુકા વિકાસ અધિકારીને જાણ કરતાં ઉશ્કેરાયેલા અજીતસિંહે ઉગ્ર બોલાચાલી કરતાં તાલુકા વિકાસ અધિકારીએ ચાણસ્મા પોલીસ મથકે જાણ કરતાં પી.આઇ. આર. એમ. વસાવા દ્વારા તાત્કાલિક પોલીસ સ્ટાફ તાલુકા પંચાયત ખાતે મોકલી અને બોલાચાલી કરનાર



ઈસમ અજીતસિંહને પકડીને તાલુકા પોલીસ મથકે લાવ્યાં હતા અને તેની સામે તાલુકા વિકાસ અધિકારીની ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આખા તાલુકા પંચાયત ના કર્મચારીઓ ચાણસ્મા પોલીસ મથકે દોડી આવ્યાં હતાં. બુધવારે બપોરે તાલુકા પંચાયતના કર્મચારી સાથે વસઇ ગ્રામ પંચાયતના મહિલા પૂર્વ સરપંચના પતિએ કરેલી બોલાચાલી નો મામલો પોલીસ મથકે પહોંચતાં ચાણસ્મા

**ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે બનેલી ઘટના સંદર્ભે તાલુકા પંચાયતના કર્મચારીઓએ સમૂહમાં જણાવ્યું હતું કે અમે આજે સરકારના આદેશ અનુસાર ટપાલ લખવાની કામગીરી કરી રહ્યાં હતા તે દરમિયાન વસઈ ગામના અજીતસિંહ જવાનજી વાઘેલાએ જેમ આ ટપાલો લખો છો તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી વીડિયો ઉતારવા લાગતાં અને તાલુકા વિકાસ અધિકારીને જાણ કરી હતી અને અમે અમારી રજુઆતો કરવા માટે પોલીસ મથકે આવ્યા હોવાનું જણાવ્યું હતું.**

તાલુકા પંચાયતના તમામ કર્મચારીઓ તાલુકા પોલીસ મથકે ઉગ્ર રજુઆત કરવા આવી પહોંચ્યા હતા. ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે બનેલી ઉગ્ર બોલાચાલીની ઘટના સંદર્ભે ગ્રામ પંચાયતના મહિલા સરપંચના પતિ અજીતસિંહ જવાનજી વાઘેલાએ જણાવ્યું હતું કે મારૂ એક જૂનું બિલ કેટલાય સમયથી બાકી છે અને તેને ઉચ્ચ કક્ષાએથી ચૂકવણું કરવા માટે ઉચ્ચ કક્ષાએથી મંજુરી પણ મળી છે અને તે બિલ અંગે ઉઘરાણી કરતાં તાલુકા પંચાયતના કર્મચારીઓ અને તાલુકા વિકાસ અધિકારી દ્વારા મને ખોટી રીતે બદનામ કરવા માટે કાવતરૂ રચી આજે મને પોલીસ મથક સુધી ઘસડી જવાનો ખોટો પ્રયાસ કરાયો હોવાનું જણાવ્યું હતું.

ચાણસ્મા તાલુકા પંચાયત ખાતે બનેલી ઘટના સંદર્ભે તાલુકા પંચાયતના કર્મચારીઓએ સમૂહમાં જણાવ્યું હતું કે અમે આજે સરકારના આદેશ અનુસાર ટપાલ લખવાની કામગીરી કરી રહ્યાં હતા તે દરમિયાન વસઈ ગામના અજીતસિંહ જવાનજી વાઘેલાએ જેમ આ ટપાલો લખો છો તેમ કહી ઉગ્ર બોલાચાલી કરી વીડિયો ઉતારવા લાગતાં અને તાલુકા વિકાસ અધિકારીને જાણ કરી હતી અને અમે અમારી રજુઆતો કરવા માટે પોલીસ મથકે આવ્યા હોવાનું જણાવ્યું હતું.ચાણસ્મા તાલુકા વિકાસ અધિકારી લક્ષ્મીબેન ઠાકોરે જણાવ્યું હતું કે બપોરના સમયે અમારા કર્મચારીઓ સરકારના આદેશ અનુસાર ટપાલ લખવાનું કામ કરી રહ્યાં હતાં તે દરમિયાન અજીતસિંહે તેમાં કામ કરો છો તેમ કહી ઉગ્ર બોલાચાલી થતાં અમારા કર્મચારીઓએ સરકારના આદેશ અનુસાર અમે કામ કરીએ છીએ છતાં ઉગ્ર બોલાચાલી કરી વીડિયો ઉતારતાં મને જાણ કરેલ હતી. અને છેવટે ચાણસ્મા પોલીસ મથક સુધી અમારે અમારી સુરક્ષા માટે જવું પડ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ મહિલા સરપંચના પતિ આ અગાઉ પણ ભ્રષ્ટાચારને લઇ વિવાદોમાં સપડાયેલા છે.

## વિશ્વ ગુજરાતી સમાજ ગુજરાત રાજ્યના યુથ વિંગના પ્રદેશ એડિશનલ કો-કન્વીનર તરીકે રાષ્ટ્રપતિ સ્કાઉટ કૃણાલ દીક્ષિતની નિમણૂક કરવામાં આવી

વિશ્વના ૧૨૫ થી વધુ દેશોમાં વસતા ગુજરાતીઓનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા એવી વિશ્વ ગુજરાતી સમાજ વર્ષ ૧૯૮૯ થી એટલે કે છેલ્લા ૩૩ વર્ષથી સતત કાર્યરત છે જેના મુખ્ય સંવર્ધક તરીકે આપના લોકલાડીલા વડાપ્રધાન મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સેવા આપી ચૂક્યા છે. અત્યારે મુખ્ય સંવર્ધક તરીકે ગુજરાતના મુખ્યમંત્રી મા. શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સેવા આપી રહ્યા છે.વિશ્વ



સ્તરની આ આંતરરાષ્ટ્રીય વિશ્વ ગુજરાતી સંસ્થાના પ્રમુખ સી કે પટેલને આજ્ઞા અનુસાર યુથ વિગના રાજ્ય કન્વીનર પૌરસભાઈ પટેલે વિશ્વ ગુજરાતી સમાજ ગુજરાત રાજયના પ્રદેશ એડિશનલ કો કન્વીનર તરીકે રાષ્ટ્રપતિ પુરસ્કાર મેળવનાર રાષ્ટ્રપતિ સ્કાઉટ કૃણાલ દીક્ષિતની નિમણૂક કરી છે. આ નિમણૂકને સમગ્ર રાજ્યના પ્રદેશના આગેવાનો અને સમસ્ત બ્રહ્મ સમાજ (રાજ્યકક્ષા)ના હોદ્દેદારોએ અને રાજ્યના દરેક જિલ્લાના અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ ખૂબ ખૂબ વધાવી અને આવકારી છે.

# રણાસણ પ્રાથમિક શાળાના બાળકો દ્વારા તિરંગા રેલી યોજાઇ

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

આઝાદી કા ૭૫ માં અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત રાજ્યમાં ઠેર ઠેર વિવિધ પક્ષો તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા તિરંગા રેલી યોજવામાં આવી રહી છે ત્યારે જે અનુસંધાને આજરોજ ચાણસ્માના રણાસણ ગામે આવેલ શ્રેષ્ઠ પ્રાથમિક શાળાના બાળકો દ્વારા રણાસણ ગામ ની અંદર તિરંગા રેલી યોજવામાં આવી હતી.




સમગ્ર ભારત દેશ સહિત ગુજરાત રાજ્ય ના નાગરિકો મા રાષ્ટ્ર ભાવના જાગે તેમજ દેશ રાષ્ટ્ર ભક્તિમય બને તેવા ઉમદા હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સમગ્ર ભારત દેશભરમાં તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન યોજનાર છે જે અંતર્ગત પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના રણાસણ ગામે પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી તેમજ સમગ્ર શિક્ષક ગણ ના નેતૃત્વ હેઠળ આજરોજ સમગ્ર રણાસણ ગામની અંદર શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તિરંગા યાત્રા યોજવામાં આવી હતીજે તિરંગા યાત્રા દેશભક્તિ ના ગીતો સાથે સમગ્ર રણાસણ ગામ ની અંદર ફરી હતી અત્રે યોજાયેલ તિરંગા યાત્રામાં રણાસણ ગામના સરપંચ શ્રી, ઉપસરપંચ શ્રી, ગામના આગેવાનો તેમજ સમગ્ર રણાસણ ગામના આગેવાનો જોડાયા હતા.

## શ્રી શૈલેષકુમાર બાબુલાલ (પત્રકાર) વામૈયા ના જન્મદિવસે ૫૧ વૃક્ષો વાવી તેમજ શ્વાનોને બિસ્કીટ રોટલા અને લાડુ જમાડી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સરસ્વતી ૧૪

૧૩ ઓગસ્ટ ના દિવસે વામૈયા ગામના વતની અને જીવદયા પ્રેમી અને સામાજિક અગ્રણી શ્રી શૈલેષકુમાર બાબુલાલ નાયી (પત્રકાર) ના જન્મદિવસ નિમિત્તે વામૈયા ખાતે આવેલ બાપા સીતારામ મઢુલી તેમજ રામદેવપીર બાપાના મંદિરે મહંત શ્રી શંકરભારતી જુના અખાડા જુનાગઢની ઉપસ્થિતિમાં ૫૧ વૃક્ષો વાવવામાં આવ્યા હતા અને શ્વાનો ને બિસ્કીટ રોટલા અને લાડુ જમાડી અનોખી રીતે જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે ઉપસ્થિત શ્રી શૈલેષભાઈ નાયી ના પરીવાર ના સભ્યો તેમજ રામદેવપીર મંદિર ના પુજારી સાધુ જીગ્નેશભાઈ શ્રી હરગોવનભાઈ શંકરભાઈ ચૌહાણ શ્રી પશાભાઈ સોમાભાઈ ચૌહાણ શ્રી વિપુલભાઈ




હરગોવનભાઈ ચૌહાણ, મીર સહેઝાદ ભાઈ અબ્દુલભાઈ શ્રી પ્રવીણભાઈ પેથાભાઈ ચૌહાણ ચૌહાણ ચિરાગ સુરેશભાઈ તેમજ બાપા સીતારામ ના સેવકો ઉપસ્થિત રહ્યા હતાં તેમજ શ્રી શૈલેષકુમાર બાબુલાલ નાયી (પત્રકાર) દ્વારા પાટણ જીવદયા પરીવાર ને શ્વાનો માટે તેમના જન્મદિવસ નિમિત્તે બિસ્કીટ રોટલા અને લાડુ નુ દાન આપી જન્મ દિવસ ની ઉજવણી કરી હતી શૈલેષ નાયી એ જણાવ્યું હતું કે ગુજરાતના શહેરોમાં તેમજ ગામડાઓમાં વધુને વધુ વૃક્ષો વાવો અને ગુજરાતના ગામડાઓને શહેરોને હરીયાળુ બનાવો તેમજ વૃક્ષો વાવો અને વરસાદ લાવો તેવુ તેમને જણાવ્યું હતું.

## દિલ્હીની ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી દ્વારા પશુ કલ્યાણ અંગેના ડિપ્લોમા કોર્સમાં એડમિશનની શરૂઆત

વર્ષ ૧૯૮૫માં સંસદના અધિનિયમ દ્વારા સ્થપાયેલી ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU) એ સર્વસમાવેશક શિક્ષણ દ્વારા સર્વસમાવેશક જ્ઞાન સમાજનું નિર્માણ કરવા સતત પ્રયત્નશીલ છે. તેણે ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ (ODL) મોડ દ્વારા ઉચ્ચ-ગુણવત્તાનું શિક્ષણ આપીને ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો વધારવાનો પ્રયાસ કર્યો છે. યુનિવર્સિટીએ વર્ષ ૧૯૮૭માં બે શૈક્ષણિક કાર્યક્રમો ઓફર કરીને શરૂઆત કરી, ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ અને ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન, જેમાં ૪,૫૨૮ વિદ્યાર્થીઓ હતા. આજે, આ યુનિવર્સિટી લગભગ ૨,૦૦૦ લર્નર સપોર્ટ સેન્ટર્સ અને ૨૦ વિદેશી સંસ્થાઓ દ્વારા ભારત અને અન્ય દેશોમાં ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક આકાંક્ષાઓ પૂરી કરે છે. યુનિવર્સિટી લગભગ ૨૦૦ પ્રમાણપત્રો, ડિપ્લોમા, ડિગ્રી અને ડોક્ટરલ પ્રોગ્રામ ઓફર કરે છે, જેમાં લગભગ ૨૫૦ ફેકલ્ટી સભ્યો અને ૨૩૦ શૈક્ષણિક સ્ટાફ મુખ્ય મથક અને પ્રાદેશિક કેન્દ્રો અને ઉચ્ચ શિક્ષણ, વ્યાવસાયિક સંસ્થાઓ અને ઉદ્યોગોની પરંપરાગત સંસ્થાઓના ૩૫,૦૦૦ થી વધુ શૈક્ષણિક સલાહકારો છે.

### સ્વાતંત્ર્યપર્વેગાંધીનગરજિલ્લાનીગાથા

# આઝાદી માટે દહેગામના યુવાને અંગ્રેજોના અત્યાચાર સહ્યા: દમન સામે ડર્યા વિના ફુલવદન બ્રહ્મભટ્ટે લડત ચાલુ રાખી

આઝાદીની અમરગાથાઓમાં કેટલાય શહીદોનાં બલિદાનોની વ્યથા અને કથાઓ છુપાયેલી છે. આઝાદીના જંગની પરાકાષ્ટા કાંઈ રાતોરાત આવી નથી. કંઈ કેટલાય નામી અનામી શહીદોએ પોતાના જીવનના અમૂલ્ય સમયનો ભોગ અને જિંદગીનું બલિદાન આપ્યું છે. જંગના આ ઈતિહાસમાં ગાંધીનગર જિલ્લાનું દહેગામ પણ પાછું નહોતું પડ્યું. દહેગામનાં વીર સપૂતોએ રાષ્ટ્રધ્વજ લહેરાવવા માટે, અંગ્રેજો સામેની લડતમાં કંઈ કેટલાય અત્યાચારો સહન કરીને માતૃભૂમિની આઝાદીમાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

વાત ૧૯૪૩ ની હિંદ છોડો ચળવળની છે. માજુમ અને વાત્રક નદીનાં ખળખળ કરતા નીર આ પ્રદેશમાં અંગ્રેજો સામેની આઝાદીની લડતમાં મૂક સાક્ષી બન્યા હતા. સમગ્ર પંથક હરિયાળીથી ભરપૂર હતું રાતના કાળાડિબાંગ વાદળો અને વીજળીની ગર્જના વચ્ચે એક યુવક ખળખળ કરતી વાત્રક નદીનાં કેડસમા પાણીમાં ઉતરી સામે કિનારે જઈ રહ્યો હતો. તેના પગ છોલાયાં હતા. નદીનાં કોતરોનાં ઉબડ ખાબડ રસ્તામાં ઝાંખરાએ તેના ઝભ્ભાનાં લીરા ઉડાવ્યા હતાં. મો પર પડતી ચાંદનીનાં પ્રકાશમાં તેના મુખ પર થાક કે રઝળપાટનો કોઈ અંશ દેખાતો ન હતો.

એક જુસ્સા અને ખુમારીભર્યા ચહેરે તે વાત્રક નદીનાં બીજા કિનારે આવેલા ગામોમાં અંગ્રેજી હુકુમત વિરોધી પત્રિકાઓ વહેંચવાં રાતના અંધકારમાં નિકળ્યો હતો. સુમસામ રાત્રિના અંધકારમાં ક્યાંકને ક્યાંક અંગ્રેજોના ઘોડાના ડાબલાનાં અવાજો અને ઘોડાની હણહણાટીથી તેની આહટનાં આસાર મળી રહેતા હતા. ચળવળ શાંત પાડવા ઠેરઠેર ઘોડેસવારો મુકાયા હતા.

મેજર એકવિનો એ યુવકને શોધી રહ્યો હતો, જે અંગ્રેજો વિરુદ્ધની પત્રિકાઓ લખી ગામેગામ વહેચતો અને જંગની આ ચળવળને જુસ્સાભેર આગળ ધપાવી રહ્યો હતો. તે માટે મેજર એકવિનો નામનાં આ અંગ્રેજ અમલદારે નદીકાંઠાના વિસ્તારોમાં યુવકને ઝડપી લેવા વૉચ આદરી હતી. તે યુવક હતો દહેગામનો સ્વાતંત્ર્ય સેનાની ફુલવદન બ્રહ્મભટ્ટ.

હિંદ છોડો ચળવળ વખતે અંગ્રેજોનાં જૂલ્મની પરાકાષ્ઠા આવી ગઈ હતી. તો બીજી તરફ ચળવળ વેગીલી બની ઉઠી હતી. આ સમયે માત્ર ૧૮ વર્ષની યુવાન વયે ફુલવદન બ્રહ્મભટ્ટે અંગ્રેજો સામે માથું ઉચક્યું હતું, અને ગામડે ગામડે રઝળપાટ કરી અંગ્રેજો વિરુદ્ધની પત્રિકાઓ વહેંચી હતી

. એક વખતે નાળીયામાંથી પસાર થતી વેળા મેજરે તેમની ધરપકડ કરી હતી. અને ઘેલશાહનાં મહોલ્લાનાં ચોકમાં લાવી તેમનાં પર ભારે યાતનાઓ કરી પગ પર લાકડીઓ વરસાવી તેમના પગનો અંગૂઠો તોડી નાંખવાનો હુકમ કરી ‘તુમ્હે સ્વરાજ ચાહીએ’ કહી પગનો અંગુઠો તોડી નાંખ્યો હતો. આટલા અત્યાચાર થવા છતાં પણ તેઓ રોકાયા ન હતા અને પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખી હતી.

તેની જાણ ફરી આ એકવિનો અમલદારને થતા તેમની ધરપકડનું વોરંટ કાઢતાં ફૂલવદન બ્રહ્મભટ ગુપ્તવાસમાં ચાલ્યાં ગયા હતા. પાછલી અવસ્થામાં તેઓ એક સારા પત્રકાર, ઉત્તમ વક્તા અને એક ઉમદા વ્યક્તિત્વ તરીકેનું જીવન જીવ્યા હતા. તા ૧૫ મી માર્ચ ૨૦૧૨ ના રોજ તેઓનું અવસાન થયું હતું.

## ફોટોકેપ્સન

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનું અલૌકિક અદ્ભૂત ધામ એવા શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ખાતે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત સંતવૃંદ દ્વારા ત્રિરંગાના વિશિષ્ઠ શણગાર કરવામાં આવ્યા હતા. સં. શિ. અનંતાનંદદાસજી સ્વામી











અંતર્ગત અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાની લપકામણ પ્રાથમિક શાળામાં તિરંગાયાત્રાનું શાનદાર આયોજન કરવામાં આવ્યું



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.